ક્રમાંક:અનદ.૧/ધ/૨૦૧૨-૧૩/૬૬૨૯-૫૬
કમિશનર ,શાળાઓની કચેરી,
૯/૧ ,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા ,.ગાંધીનગર.
તા.03 / 04/૨૦૧૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, રાજકોટ
આ. નં. 2498
તા. 6/4/12

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

**વિષય:માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ સવારની પાળીમાં ન ચલાવવા બાબત.**
**સંદર્ભ:-ગુજરાત મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના તા.૨૬/૪/૨૦૦૦ના પરીપત્ર ક્ર:૪૧૩/૨૦૦૦**

ઉપર્યૂક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સંદર્ભમાં જણાવેલ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૨૬/૪/૨૦૦૦ના પરીપત્રથી રાજયની ધણી માધ્યમિક શાળા સવારની પાળીમાં ચાલતી હોય છે. જેથી આવી શાળાઓ સવારની પાળીમાં ન ચાલે તે જોવા રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જણાવવામાં આવેલ છે.

શાળા પાળી પદ્ધતિનો અમલ ન હોઇ, તેવી કોઇપણ માધ્યમિક અને ઉ.મા. શાળાનો સમય સવારનો રાખવાનો નથી તેવી સ્પષ્ટ સુચના આપવામાં આવેલ છે.

પ્રાથમિક વિભાગને કારણે શાળાનો સમય સવારનો હોય તો પ્રાથમિક વિભાગ સવારમાં ચલાવવો અને માધ્યમિક વિભાગનો સમય બપોરનો રાખવો.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ઉપરોકત સ્પષ્ટ સુચનાઓ હોવા છતા રાજયની કેટલીક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં તેનો ચુસ્તપણે અમલ થતો નથી. તેમજ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ સવારની પાળીમાં ચલાવવામાં આવે છે. તેના કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર થાય છે. તેવુ આ કચેરીના ધ્યાન ઉપર આવેલ છે.

ઉપરોકત વિગતે જે શાળાઓમાં પાળી પદ્ધતિ ચલાવવા અંગે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની મંજુરી મેળવેલ હોય તે કિસ્સા સિવાયની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક

Scanned with CamScanner

શાળાઓનો સમય ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના નિયમ-૧૭(૪)મુજબ ૨૭ કલાકનું શૈક્ષણિક કાર્ય થાય તે હેતુથી શાળાનો સમય ૧૧.૦૦ થી ૫.૦૦ નો રાખવાનો રહેશે. આ નિયમનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

આ અંગેની જાણ સંબંધિત તમામ શાળાઓને કરવા તેમજ આ સુચનાનું ચુસ્તપણે પાલન થાય તેની સંપૂર્ણ તકેદારી રાખવાની રહેશે. તથા આ અંગે કરેલ કાર્યવાહીની જાણ આ કચેરીને મા[illegible] ઇ-મેઇલ એડ્રેસ ઉપર પણ કરવા જણાવવામાં આવે છે.

પ્રસ્તુત સુચના બાદ પણ જો કોઇ ઉચ્ચત્તર માધ્યમિક શાળા કે માધ્યમિક શાળા સવારના સમયે અનઅધિકૃત ચાલતી હોવાનું ધ્યાને આવશે તો સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સીધી જવાબદારી ઉભી થશે. તેની પણ નોંધ લેવા વિનંતી.

(ઇ.પી.દેસાઇ)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

નકલ રવાના:-

- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
  માધ્યમિક શિક્ષણ અને પરિક્ષણના સામાયિકના અંકમાં છાપવા અર્થે,

Scanned with CamScanner